# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૯૧/ક્વા-૦૪/૨૦૨૦-૨૧/૨૫૫ તા. ૦૮.૧૧.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૯૧/ક્વા-૦૪/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી ચંદ્રકાંત વીરજીભાઈ બુમતારીયા ગામ – આંબરડી

સબડીવીઝન: વેરાડ

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી જામજોધપુર

**:: કોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

તારીખ: શુક્રવાર (૨૨.૧૦.૨૦૨૧)

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,અમારે લાઇટ વપરાશ ઓછો હોવા છતાં પણ બિલ વધારે આવે છે. અહીં ઓફિસમાં રજુઆત કરવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવતી અરજી લઈને જઈએ તો આડા-અવળા જવાબ આપવામાં આવે છે અરજીમાં મેનેજર દ્વારા સાઇન કરવામાં આવતી નથી અને મીટર કઢાવવાની સલાહ આપવામાં આવે છે. અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ આપ સાહેબ શ્રીને જણાવવાનું કે અત્રે ના હેઠળની વેરાડ સબ ડિવિઝન કચેરીના ગ્રાહક શ્રી ચંદ્રકાંત વીરજીભાઈ બુમતારીયા ગ્રાહક નં. ૮૯૮૫૧/૦૦૯૨૪/૫ દ્વારા પોતાના રહેણાક મકાન ના ઘર વપરાશ નું મીટર ફાસ્ટ હોવા અંગે સીજીઆરએફ જુનાગઢ ને કેસ. નં. ૯૧/ક્વા-૦૪/૨૦૨૦-૨૧ થી ફરિયાદ કરેલ છે.

૨.૧ સદર ફરિયાદ ના અનુસંધાને વેરાડ પેટા વિભાગીય કચેરી દ્વારા ગ્રાહકનું મીટર તેમનીહાજરીમાં બદલાવી જામજોધપુર પીજીવીસીએલ મીટર લેબોરેટરીમાં તા. ૦૬.૦૩.૨૦૨૧ ના ગ્રાહકની હાજરી માં ચકાસી ને ટેસ્ટ કરેલ. ટેસ્ટ કરતાં મીટર ફાસ્ટ જણાયેલ નથી.

૨.૨ પેટા વિભાગીય કચેરી દ્વારા અરજદારશ્રી એ તા. ૦૬.૦૩.૨૦૨૧ ફરિયાદ નું શુખદનિવારણ થયેલ છે. જેથી આગળ આ કેસ હવે આગળ ચલાવવાનો રહેતો નથી.તથા તા.૦૬.૦૩.૨૦૨૧ સમાધાન પત્ર માં સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

3.0 અરજદારશ્રીની રજૂઆત અન્વયે પેરા નં ૧.૦ અન્વયે પેરા નં. ૨.૧ અને ૨.૨ મુજબ પીજીવીસીએલ કંપની ની વેરાડ પેટા વિભાગીય કચેરી દ્વારા ફરીયાદનું નિરાકરણ થતા પીજીવીસીએલજામજોધપુર વિભાગીય કચેરી દ્વારા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા. ૦૬.૦૩.૨૦૨૧ થી રજુ કરેલ હોય ફોરમ કક્ષાએથી આ અરજી દફતરે કરવાનો નિર્ણય લીધેલ છે.

3.1 આમ ફોરમ દ્વારા અરજદારશ્રી ની કંપની ફરિયાદ અન્વયે કઈ કરવાનું રહેતું ન હોય અરજદારશ્રી ની સદર ફરીયાદ દફતરે કરવામાં આવે છે.

3.૨ આ સાથે અરજદારશ્રી ની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા<br>સ્વતંત્ર સભ્ય | શ્રી બી.પી.બુચ<br>ચેરપર્સન |